# ટ્રેક નં. ૨૫ : જ્ઞાનધારા, જ્ઞાનનય વિષે

✽ શું સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનધારા સદાય હોય? મને તો ખબર નથી. તો ચાલો પૂછી લઈએ પૂજ્ય બહેનશ્રીને જ.

✽ માંગલિક :

✽ભક્તિ : હું શુદ્ધ, ચૈતન્ય, અવિનાશી એવો આત્મા છું, આત્મા છું,
આત્મા છું, આત્મા છું, આત્મા છું, આત્મા છું (૨)

✽ **પ્રશ્ન : એક જ્ઞાનીને નિરંતર જ્ઞાનધારા હોય છે. ઉપયોગ બહારમાં હોય ત્યારે પણ ભેદજ્ઞાનની ધારા ચાલુ છે એ કેવી રીતે સંભવિત છે. તે કૃપા કરીને અમને સમજાવશો.**

● ઉત્તર : ઉપયોગ બહાર હોય તો પણ જ્ઞાનીની જ્ઞાન-ધારાની–જ્ઞાનની પરિણતિ રહે છે. ઉપયોગ બહાર હોય અને પરિણતિ જ્ઞાયકની હોય એને કાંઈ વિરોધ નથી. જ્ઞાયકની ધારા અંદર ચાલતી હોય. એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે, એને ભેદજ્ઞાનની ધારા વર્તે છે–જ્ઞાયકની જ્ઞાયકરૂપ ધારા દરેક ક્ષણે ક્ષણે. જે જે વિકલ્પ આવે, વિભાવની પર્યાય હોય તો એમાં એને ભેદજ્ઞાનની ધારા–પોતે જુદો અને જુદો, ન્યારો અને ન્યારો રહે છે. દૃષ્ટિ એક જ્ઞાયક ઉપર છે, પરિણતિ જ્ઞાયકની છે. દરેક ક્ષણે ન્યારો અને ન્યારો જ રહે છે. દરેક કાર્યમાં ન્યારો અને ન્યારો રહે છે. દરેકમાં ખાતાં, પીતાં, સૂતાં, સ્વપ્નમાં બધી વાર એ ન્યારો અને ન્યારો રહે છે. એની પરિણતિ–જ્ઞાયકની પરિણતિ રહે છે. ઉપયોગ ભલે બહાર હોય. બહારના કાર્યમાં હોય તો બહાર ગયો અને બહારનું જાણે એટલે અંદર ખંડખંડ થઈ જાય છે એવું નથી. એ તો અખંડ જ્ઞાયક છે, એને ખંડખંડ ક્ષાયોપશમિકજ્ઞાનને લઈને, એનો જે મૂળ સ્વભાવ જ્ઞાયક પરિણતિ છે.–એમાં કાંઈ ખંડ થાતું નથી. જ્ઞાયકની પરિણતિ દરેક વખતે હાજર હોય છે. ગમે તેવા રાજા હોય, ચક્રવર્તી હોય, લૌકિક કાર્યોમાં હોય, રાજના કાર્યોમાં હોય તો પણ પરિણતિ જુદી અને ન્યારી અને

ન્યારી જ રહે છે. પ્રશસ્તભાવોમાં હોય. ચક્રવર્તી મોટા પ્રજાના—એવા પ્રકારો હોય, કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનાના પ્રસંગો હોય તોપણ એની પરિણતિ ન્યારી અને ન્યારી હોય છે. એકત્વબુદ્ધિ થાતી નથી. અશુભભાવથી બચવા શુભભાવમાં જોડાય તો પણ સાધકની પરિણતિ એને જુદી અને જુદી હોય છે. એ જ્ઞાયકની પરિણતિ અને ઉપયોગને કાંઈ વિરોધ નથી. જ્ઞાયકની પરિણતિ ચાલુ જ હોય છે અને ઉપયોગ બહાર હોય છે. કોઈવાર ઉપયોગ પલટીને સ્વાનુભૂતિમાં જાય અને બહાર આવે તો જ્ઞાયકની પરિણતિ એને દરેક વખતે ચાલુ છે એમાં એને વિરોધ નથી. ૧.

**✻ પ્રશ્ન : જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર મૈત્રી હોય એને જ આવું પરિણમન થાય છે. એ વાત થઈ હતી. તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રીનો સંબંધ શું હશે?**

● ઉત્તર : જ્ઞાનનય અને ક્રિયાનય એટલે જે મૈત્રી કરે કે 'હું જ્ઞાયક છું' એમ અંતરમાંથી જેણે ગ્રહણ કર્યું, પોતાનું અસ્તિત્વ જેણે ગ્રહણ કર્યું એ જો અંદરમાંથી પોતે રાગથી નિવર્તે અને પોતે પોતામાં લીનતા કરે કે 'હું જ્ઞાયક છું'—જ્ઞાયકરૂપે પરિણમન કરે તો એ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે. જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ ન કરે અને માત્ર 'હું જ્ઞાયક છું', બધું ઉદયાધીન છે, વિભાવ છે એમ માત્ર એ બોલ્યા કરે અને અંતરમાંથી જો ભેદજ્ઞાન ન થાય અને 'હું જ્ઞાયક છું' જ્ઞાયકરૂપે પરિણતિ ન થાય તો—એ જ્ઞાયકરૂપે પરિણતિ ન થાય તો માત્ર એ જ્ઞાન બોલવારૂપે થાય છે અને ક્રિયામાં શુભ પરિણામ કરીને એમાં સંતુષ્ટ થાય તો પણ એ ક્રિયામાં જ રોકાઈ જાય છે. પણ પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને 'હું જ્ઞાયક છું એ જ્ઞાયક છું' એમ જાણીને રાગથી નિવર્તન-રાગથી જુદો પડીને જ્ઞાયકનું જ્ઞાયકરૂપે પરિણમન કરે તો એ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે. તો એ અનેકાંતપણે યથાર્થ આત્માને એણે ગ્રહણ કર્યો છે. હું ચૈતન્ય દ્રવ્ય અખંડ શાશ્વત છું એ 'શાશ્વત છું' એને જેવો જ્ઞાયક છે તેરૂપે

પરિણતિ કરવાનો એવો પર્યાયમાં પણ અભ્યાસ કરે છે, રાગથી નિવર્તે છે અને પોતામાં સ્વરૂપની પરિણતિ પ્રગટ કરે છે તો એ ખરેખર ભેદજ્ઞાન અને ખરેખર જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે. માત્ર એકલી ક્રિયામાં સંતોષાઈ જાય કે માત્ર બોલવામાં—'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું' કર્યા કરે, બધું ઉદયાધીન છે એમ કહે, અને અંતરમાંથી રાગથી નિવર્તન નથી કરતો તો એને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી નથી. પણ દ્રવ્યદૃષ્ટિ એને કહેવાય કે પોતે ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરી અને જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરે તો એણે દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ કરી. એવી જ્ઞાયકની પરિણતિ અંતરમાંથી યથાર્થ પ્રગટ કરે તો એ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી થઈ છે. તો એમાંથી એને આત્માનું સ્વરૂપ જે આનંદ સ્વરૂપ છે, આનંદ જેનું રૂપ છે એવો જે ચૈતન્ય, જે અનંત જ્ઞાન, અનંત દર્શન સ્વરૂપ છે. તો જે આત્મા--એમાં એને પ્રગટ થાય છે. આવી ભેદજ્ઞાનની ધારા જેને પ્રગટ થાય. વારંવાર 'જ્ઞાયક છું, જ્ઞાયક છું' એવો અભ્યાસ અંતરથી પરિણતિ પ્રગટ કરીને, વિકલ્પ તૂટીને અંતરમાં લીનતા કરે, 'જ્ઞાયક છું' તેરૂપે, તો જે આનંદ જેનું રૂપ છે, આનંદ સ્વરૂપ જેનું અસલી સ્વરૂપ છે એવો જ્ઞાનસ્વભાવ એને ખીલી નીકળે છે. એ પોતે નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય તો એમાંથી એ ખીલી નીકળે છે અને ગુરુદેવે એ જ કહ્યું છે કે આમાં જ્ઞાયક પ્રકાશી નીકળે એવી રીતે એની જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે. ચૈતન્યને એવી રીતે એ ગ્રહણ કરે છે. એવી રીતે એ અભ્યાસ કરે છે તો એ પ્રગટ થાય છે. એવું અનંતજ્ઞાન જેનું સ્વરૂપ છે, અચળ જેની જ્યોત છે કે જેની જ્યોત, જેનું વીર્ય અનંત છે, જે અંદરમાં સુસ્થિતપણે સંયમરૂપ વર્તે એવો આત્મા પ્રગટ થાય છે. પહેલાં અંશ પ્રગટ થાય, સ્વાનુભૂતિ થાય, સુપ્રભાત થાય અને પછી પોતે અખંડ અનંત શક્તિઓથી ભરેલો પૂર્ણ સ્વરૂપ છે પણ એનું પ્રભાત થતાં પૂર્ણ (થાય). પ્રભાત (સમ્યક્‌દર્શન) થાય તો અવશ્ય કેવળજ્ઞાન પ્રગટ થાય જ છે. પૂર્ણ

કેવળજ્ઞાન એમાંથી પ્રગટ થાય છે. અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત બળ ને આનંદમાં જેનું રૂપ છે અનંતરૂપ, જેનું આનંદરૂપ છે એવો આત્મા પ્રગટ થાય છે. એ સ્વાનુભૂતિમાં પણ જેનું આનંદ રૂપ છે એવો આત્મા પ્રગટ થાય છે અને પૂર્ણદશામાં જેનું આનંદ રૂપ છે એવો આત્મા પ્રગટ થાય છે. અનંતજ્ઞાનથી ભરેલો આત્મા કે જેમાં કોઈ પાર નથી એવું અનંતજ્ઞાન છે, એવું અનંત દર્શન છે, એવું અનંત બળ છે, એવું અનંત વીર્ય જેનું અનંત અનંત પ્રગટ થાય છે. બાકી નથી પ્રગટ થાતું એમાં એ રોકાઈ ગયો છે. બહારમાં છે જ્યાં જ્ઞાતા અને જ્ઞેયની એકતાબુદ્ધિ છે કે જે જ્ઞેય જણાય તે અને 'હું' એને જુદું પાડતો નથી. એમાં એની એકતામાં રોકાઈ ગયો છે. બહારમાં કર્તાબુદ્ધિમાં, બહારની ક્રિયાઓમાં કે જાણે 'મેં બધું બહું કર્યું' એમાં રોકાઈ ગયો છે. એવું બહારનું—એવા બધામાં રોકાઈ ગયો છે અને ક્રિયાઓમાં જ જાણે 'રાગ અને હું બેઉ એક છીએ' એવી રીતે રોકાઈ ગયો છે. એનાથી જુદો પડે કે હું જ્ઞાયક છું'. જે જ્ઞેય જણાય એનાથી 'હું જુદો જ્ઞાયક છું'. જે રાગ થાય છે તેનાથી પોતે ભેદજ્ઞાન કરે છે. હું પરપદાર્થનું કાંઈ કરી શકતો નથી. પણ હું તો જ્ઞાયક છું. પોતે જ્ઞાયકમાં મારી પરિણતિ થાય, 'જ્ઞાયકરૂપે હું પરિણતિ કરું' એ જ મારી ક્રિયા. આ બહારનું જે કરવું એ મારી ક્રિયા નથી. એ તો પરદ્રવ્ય છે. એનાથી છુટ્ટો રહે છે. તો એમાંથી એને અનંત જ્ઞાન, અનંત દર્શન અને આનંદ રૂપ છે એ પ્રગટ થાય છે. એ જ માર્ગ ગુરુદેવે બતાવ્યો છે. એ ભેદજ્ઞાનના માર્ગે આ આનંદરૂપ જે ચૈતન્ય સ્વરૂપ-જેની સાથે કોઈનો મેળ નથી. એવો અપૂર્વ પ્રગટ થાય છે. ૨.

*** પ્રશ્ન : જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરે એને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી હોય?**

● ઉત્તર : હાં. જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી હૈ. જ્ઞાયકની પરિણતિ નથી પ્રગટ થઈ તો એ મૈત્રી જ નથી. વિકલ્પથી નક્કી કરે કે આ જ્ઞાન, આ ક્રિયા. બાકી અંદર

પરિણતિ નથી તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી જ નથી. કોઈ ક્રિયામાં રોકાઈ જાય છે, કોઈ જ્ઞાનમાં રોકાઈ જાય છે અને કોઈ મુમુક્ષુ આત્માર્થી હોય તો એમ માને કે 'મારાથી થાતું નથી', પણ આ જ્ઞાયકની પરિણતિ જ પ્રગટ કરવા યોગ્ય છે. વસ્તુસ્વરૂપ આમ છે કે દ્રવ્ય વસ્તુ સ્વભાવ જુદું એને જુદું પાડવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. એમ વિકલ્પથી જ્ઞાન કરે કે આત્મા કેવો છે એવી રીતે જ્ઞાન કરે પણ જ્ઞાન અને ક્રિયાની મૈત્રી તો અંદર દશા પ્રગટ થાય તો જ જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી થાય. પહેલાં સમજે, ભાવના હોય, પણ કરવાનું આ છે. કારણ કે જે નથી સમજતો એ એકાંતમાં તણાઈ જાય છે. માત્ર બોલ્યા કરે 'આત્મા જ્ઞાયક' છે અને કોઈ થોડુંક કાર્ય–શુભભાવ કરે તો 'હું ઘણું કરું છું' એમ માને. યથાર્થ આત્માર્થી હોય–જેને આત્માનું પ્રયોજન છે એ બરાબર સમજે છે કે આ વસ્તુ દ્રવ્ય વસ્તુ સ્વભાવે જુદો છે પણ આ રાગ એનો સ્વભાવ નથી. જ્ઞાયકરૂપે હું પરિણમું એવી જાતની એની ભાવના રહે છે. એવો એ નિર્ણય કરે છે કે 'કરવાનું આ જ છે.' ૩.

❀ બહેનશ્રી : દૃષ્ટિ એવી થઈ ગઈ છે જ્ઞાયકની–જ્ઞાતાની ધારા–એને બધું છૂટી ગયું છે એટલે ક્યાંય એને બહારમાં રુચતું નથી. વિભાવનો રસ છૂટી ગયો છે. એકલો આત્મા જ રુચે. આત્મા તરફ પરિણતિ થઈ ગઈ છે. એકલા જ્ઞાયક સિવાય કાંઈ એને રુચતું નથી. જ્ઞાયકની પરિણતિ એને જેમ જેમ પ્રગટ થાય, લીનતા પ્રગટ થાય એ જ એને રુચે છે. બીજું કાંઈ રુચતું નથી. એને એટલી બધી અંતરની શ્રદ્ધા, રુચિ, પરિણતિ અને લીનતા અમુક પ્રકારે થઈ છે, એને બાહ્ય વિભાવનો અનંત રસ તૂટી ગયો છે, અને આત્મામાં અનંતતા જે છે એ અનંત દૃષ્ટિ એના ઉપર જામી ગઈ છે. એને ક્યાંય રુચતું નથી. અનંત શક્તિ જે આત્મામાં છે એ એને રુચે છે. બીજું કાંઈ રુચતું નથી. પરંતુ હજી એને અસ્થિરતા છે, પૂર્ણ કેવળજ્ઞાન નથી. પૂર્ણ લીનતા નથી થઈ. શ્રદ્ધા અપેક્ષાએ એને ક્યાંય રુચતું

નથી. પણ લીનતા અધૂરી છે માટે બહાર જોડાવું પડે છે. જોડાય છે પણ એને જ્ઞાતાની ધારા છૂટતી નથી. એમાં એકત્વતા થાતી નથી. એનાથી છૂટ્ટો અને છૂટ્ટો રહે છે. અલ્પ અસ્થિરતા થાય એટલે બહાર જોડાવું પડે એટલે બહારના બધા કાર્યોમાં જોડાય છે. પણ અંતરથી એને ઉદાસીન ધારા અને જ્ઞાતાની ધારા એમને એમ ચાલ્યા જ કરે છે. પોતે છૂટ્ટો ને છૂટ્ટો નિરાળો જ રહે છે. અંશે એને જ્ઞાયકની ધારા-જ્ઞાન અને અમુક રીતે પરિણતિ—લીનતા ચાલુ જ છે. એને બહાર ક્યાંય રુચતું નથી અને એ જ કરવા જેવું છે. કારણ કે જ્ઞાયક—ચૈતન્ય અદ્‌ભૂત છે. એ અદ્‌ભૂત છે, એની મહિમા પણ અદ્‌ભૂત છે અને તે જ આદરણીય છે. બીજું કાંઈ આદરણીય નથી. બધાએ એ જ કરવા જેવું છે. ગુરુદેવે એ જ બતાવ્યું છે. એ જ અપૂર્વ માર્ગ પ્રગટ કરવા જેવો છે. સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય તો મુક્તિનો માર્ગ પ્રગટ થાય અને એ સ્વાનુભૂતિ પ્રગટ થવાથી અંશે અંશે લીનતા વધતી જાય તો તેમાં જ એને પૂર્ણતા અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ જ કરવા જેવું છે. એ સિવાય બીજું કાંઈ આદરણીય નથી. આલંબન તો એક આત્માનું. બીજું બહારનું આલંબન તે આલંબન નથી. એ તો વિભાવનું આલંબન છે. સ્વભાવનું આલંબન એ જ સુખરૂપ છે. એ જ સ્વાધીનરૂપ છે અને એમાં જ સુખ છે. એ જ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. જ્યાં સુધી અધૂરાશ છે ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા હોય, અમુક પ્રકારે બહાર જોડાય છે. પણ એ ઉદાસીનભાવે જોડાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રના કાર્યમાં જોડાય તો નિરાળો રહીને જોડાય છે. કરવાનું એ જ છે. ૪.

*** પ્રશ્ન :** સાધકની ભૂમિકામાં તો આપે કહ્યું તે મેળ ખાય છે. એને તો દૃષ્ટિ પ્રગટ થઈ છે એટલે દૃષ્ટિએ સ્વરૂપનો કબ્જો લીધો છે એટલે શુભરાગ આવે છે તો પણ એ રૂપે જાણે છે. પણ જિજ્ઞાસુની ભૂમિકામાં આપે જે વાત કરી કે જિજ્ઞાસુની ભૂમિકામાં પણ બે (જ્ઞાનનય અને ક્રિયાનય) સાથે રહે છે. તો અમને તો એમ લાગે

કે દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે રાખવાથી તો અનાદિનો લબ્ધ વ્યવહારનો પક્ષ તો છે, વ્યવહારની રુચિ તો છે એમાં વ્યવહારની રુચિ થવાની શક્યતાને વેગ આવશે.

● ઉત્તર : એને દેવ-ગુરુ-શાસ્ત્ર વચ્ચે આવ્યા વગર રુચિવાળાને પણ રહેતું જ નથી કે મારું સ્વરૂપ મને કેમ ઓળખાય? મને ગુરુ શું માર્ગ બતાવે છે? ગુરુએ શું કીધું છે? એવા વિચારો એને આવ્યા વગર રહેતા નથી. એને વ્યવહારનો પક્ષ એમાં નથી આવતો. પણ એને ભાવના એવી છે કે એની એને ભક્તિ આવ્યા વગર રહેતી જ નથી એના મનમાં. ગુરુ એમ કહે છે કે તું તારા શુદ્ધાત્માને ઓળખ. બધા શુભભાવથી જુદો તારો શુદ્ધાત્મા છે એમ ગુરુ કહે છે. પણ એને શુભભાવ આવ્યા વગર જિજ્ઞાસુને પણ રહેતું નથી. એમાં કાંઈ વ્યવહારનો પક્ષ આવી જાય એવું નથી. એને વ્યવહાર પક્ષ એમ નથી આવતો. એ તો વ્યવહારપક્ષ—એનાથી લાભ માને, એમાં સર્વસ્વ માને, એનાથી મોક્ષ માને તો એમાં વ્યવહાર પક્ષ આવે છે. બાકી એમાં શુભભાવ આવે એમાં કાંઈ વ્યવહારનો પક્ષ નથી આવી જતો. એવી એમાં શ્રદ્ધા નથી આવી જતી. શુભભાવના આવે તો કાંઈ શ્રદ્ધા ભેગી એમ નથી થઈ જતી કે આ આનાથી મને લાભ થાય છે કે મોક્ષ થાય છે. એવી શ્રદ્ધા કાંઈ જિજ્ઞાસુને ભેગી આવી જાય એવું નથી હોતું. એને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કીધું છે કે 'મારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનો નિર્વિકલ્પ છે, શુભભાવ પણ તારું સ્વરૂપ નથી' એમ ગુરુએ કીધું અને એને વિચારથી એમ બેઠેલું છે એટલે એમાં શ્રદ્ધા કાંઈ ભેગી નથી આવી જતી કે શુભભાવ આવે એટલે એમાં વ્યવહારનો પક્ષ આવી જશે અને શ્રદ્ધા પણ એવી થઈ ગઈ એ કાંઈ એમ નથી થતું. એ તો વ્યવહારનો પક્ષ કોને આવે છે? એવી શ્રદ્ધા છે ભેગી કે 'આનાથી મને લાભ થાય, દેવ-ગુરુ અને શાસ્ત્ર મને કરી દે છે, એ કરે એમ થાય. હું મારા પુરુષાર્થથી કેમ કરું' એવી જેને માન્યતા છે એને વ્યવહારનો પક્ષ આવે છે. જેની

શ્રદ્ધા એમ હોય કે ‘હું મારાથી કરું ત્યારે થાય, ગુરુ મને ઉપકારભૂત છે, ગુરુએ બધું આપ્યું છે’ એમ એમાં શુભભાવના આવે એમાં વ્યવહારનો પક્ષ નથી આવતો. એની શ્રદ્ધા તો જુદી જ રહે છે. ઓલી યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી જ છે. જે સહજ ભેદજ્ઞાનની શ્રદ્ધા પણ આ એને બુદ્ધિપૂર્વક જે શ્રદ્ધા છે એમાં કાંઈ શ્રદ્ધાની ભૂલ નથી આવતી. ગુરુની ભક્તિ કરી એમાં શ્રદ્ધાની ભૂલ નથી આવતી. એમાં વ્યવહારનો પક્ષ નથી આવતો. ભગવાનની ભક્તિ કરે, ગુરુની કરે, શાસ્ત્રની કરે એમાં કાંઈ એને પક્ષ નથી આવી જતો જિજ્ઞાસુને અને એમાં અસ્થિરતા માને તો આવે છે. ૫.

* પ્રશ્ન : શુભભાવને હેય કહે છે અને આવ્યા વિના રહે નહીં–એમ પણ કહે છે. બેય વાત છે?

● ઉત્તર : એ સમજે છે કે એને શ્રદ્ધા છે કે શુભભાવ તો હેય છે તો પણ જિજ્ઞાસુઓને પણ આવ્યા વગર રહેતો નથી. શુભભાવ આવે એટલે શ્રદ્ધાની ભૂલ પડે એમ કાંઈ હોતું નથી કે બહુ શુભભાવમાં ભક્તિ કરે એમ કરે એટલે વ્યવહારનો પક્ષ થઈ ગયો એવું નથી. એવી શ્રદ્ધા તો અંતરમાં પોતે જણાતો હોય છે કે ગુરુએ એમ કીધું છે કે ‘તારો શુદ્ધાત્મા જુદો, શુભભાવ તારું સ્વરૂપ નથી.’ એ પોતે પણ નક્કી કરેલું છે એટલે એમાં શ્રદ્ધાની ભૂલ નથી. ૬.

❀ બહેનશ્રી : જ્ઞાતાધારા એ ઝેરનું મારણ છે. કર્તાબુદ્ધિ છૂટી ગઈ અને જ્ઞાતાધારા પ્રગટ થઈ ગઈ. ઝેરનું મારણ એ એક જ છે. બધું છૂટી જાય છે. એ વિકલ્પથી નિર્ણય કરે છે એ જુદું જ્ઞાન એને સહજ રહે છે. જ્ઞાતાધારા ચાલુ જ છે. બે ધારા સાથે ચાલે છે. પછી વિચાર નથી કરવો પડતો કે આ વિકલ્પ આવી ગયો. ‘હું તો જ્ઞાયક છું’ એમ વિચાર નથી કરવો પડતો. વિકલ્પની ધારા અને જ્ઞાતાધારા બે ધારા સાથે જ ચાલે છે. શુભાશુભ ગમે એ વિકલ્પ હોય, ઉંચામાં ઊંચા શુભ વિકલ્પ હોય તો પણ એને બેય ધારા ચાલુ જ છે. દરેક ક્ષણે ચાલુ જ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના શુભ વિકલ્પ હોય તો પણ એને

જ્ઞાતાધારા તો ચાલુ જ છે. એમાં એને એકત્વ નથી થઈ જતું. એમાં એને બહુ ભાવ આવે, બહુ ભક્તિ આવે, એટલે એની ધારા તૂટી જાય અને એકત્વ થઈ જાય એમ એને નથી થતું. એની જ્ઞાતાધારા તો ચાલુ જ રહે છે. ભાવ આવે, ઉત્સાહ આવે તો પણ એની–ગમે તેવા શુભ વિકલ્પ હોય છે પણ એની જ્ઞાયકધારા તો ચાલુ જ છે. ૭.

● ભક્તિ :જો અપના જ્ઞાયક હૈ, ઉસસે ઓ પ્યારે તું નાતા જોડ,
ક્યા નહીં તેરે પાસ ઓ આતમ, માંગ રહા તૂં દૂજેસે ભીખ.

✻ પ્રશ્ન : શુદ્ધ પરિણતિને અનુકૂળ શુભરાગ આવવા છતાં પણ એમાં એ એકત્વ થતો નથી?

● ઉત્તર : એકત્વ થતો નથી. ૮.

✻ પ્રશ્ન : પોતાના આત્માનો મહિમા–જ્ઞાયકનો મહિમા અને બહારમાં દેવ–ગુરુ–શાસ્ત્રનો મહિમા–એક સ્વ છે અને એક પર છે. તો અભિપ્રાયમાં બંનેનો એક સાથે મહિમા કેવી રીતે લઈ શકાય?

● ઉત્તર : અભિપ્રાય ચૈતન્યનો છે. અભિપ્રાયમાં ચૈતન્યનો મહિમા છે અને દેવ-ગુરુ-શાસ્ત્રની એને મહિમા તો છે. એ 'મહિમાવંત પદાર્થ હું છું' અને એ મહિમાવાળો પદાર્થ છે તેને દેવ-ગુરુ-શાસ્ત્ર એ પ્રગટ કરેલો છે માટે એ મહિમા એને આવે છે. બેઉ સાથે હોઈ શકે છે. ઓલા તો ઉપયોગરૂપ થાય છે બહાર જાય તો, આ અંતર અભિપ્રાયમાં છે. એ અભિપ્રાયમાં શુદ્ધાત્માનો મહિમા છે. જે શુદ્ધાત્મા છે એ મહિમાવાળો છે અને ગુરુ એની સાધના કરી રહ્યા છે. શાસ્ત્રોમાં એનું વર્ણન આવે છે માટે એની મહિમા આવ્યા વગર રહેતી જ નથી. મહિમા જેની મને લાગી છે એ મહિમાવાળો પદાર્થ જેણે પ્રાપ્ત કર્યો એની ઉપર એને મહિમા આવ્યા વગર રહેતી નથી. એ દેખાય છે. અંદરમાં પોતે તો દેખી શકતો નથી. એ તો અંતરમાં જાય ત્યારે એને એની સ્વાનુભૂતિ થાય. આ તો એને–ભગવાને પ્રાપ્ત કર્યું છે. ગુરુની વાણીમાં આવે છે, તો જેણે પ્રાપ્ત કર્યું છે એની મહિમા એને આવે છે કે આ આવો પદાર્થ જેણે પ્રાપ્ત કર્યો તે ધન્ય છે. પૂજવા

યોગ્ય છે એ બધું. તો સાથે રહેવામાં કાંઈ વાંધો નથી. એ તો ઉપયોગમાં આવે છે અને આ અંદર અભિપ્રાયમાં છે. ૯.

✻ પ્રશ્ન : એમાં એક અભિપ્રાયમાં આવે છે અને એક ઉપયોગમાં આવે છે. એ રીતે બેમાં ફેર છે? બે પ્રકારમાં ફરક પડે?

● ઉત્તર : બે પ્રકારમાં ફેર છે. શ્રદ્ધા બેય ઉપર છે શ્રદ્ધામાં બેય છે કે આ શુદ્ધાત્મા પણ મહિમાવાળા છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ મહિમાવાળા છે, પણ ઉપયોગમાં તો બહાર હોય ત્યારે બહારમાં ઉપયોગ છે અંદરમાં તો હજુ પોતે ગયો નથી. ૧૦.

✻ પ્રશ્ન :દેવ–ગુરુ–શાસ્ત્ર જ્ઞાનનો વિષય છે. આશંકા એ થાય છે કે બેય એક સાથે–એક સ્વ અને એક પર–એક સાથે બેયનો મહિમા કઈ રીતે આવી શકે?

● ઉત્તર : ઓલું (સ્વ) શ્રદ્ધામાં રહે છે. ઓલું (પર) ઉપયોગમાં આવે છે. ભગવાનની મહિમા આવે એમ એને પોતાની મહિમા આવે છે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે તે પોતાને ઓળખે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ ભગવાનને ઓળખે. એ બેય નિમિત્ત-ઉપાદાન સંબંધ છે. પણ એ સાથે રહેવામાં વાંધો નથી. એક શ્રદ્ધામાં રહે છે, એક ઉપયોગમાં રહે છે. ૧૧.

✻ પ્રશ્ન : શાસ્ત્રમાં–પ્રવચનસારમાં પણ આવે છે કે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તે આત્માને જાણે.

● ઉત્તર : શાસ્ત્રમાં આવે છે કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે છે. પોતાને જાણે છે તે ભગવાનને જાણે છે. ભગવાનને જાણે તે પોતાને જાણે છે. પોતાને પોતે દેખી શકતો નથી. તો ભગવાના દર્શન કરે તો પોતાને પોતાની મહિમા આવે. ગુરુના દર્શન કરે, ગુરુની વાણી સાંભળે એટલે ગુરુ ઉપર, ભગવાન ઉપર એને મહિમા આવે છે. એમાંથી એને વિચાર આવે છે કે આ ભગવાન એટલે શું? આ ભગવાનનું દ્રવ્ય શું? એમનો આત્મા શું કામ કરે છે? એમાં એમને શું ગુણો પ્રગટ્યા છે? એમ વિચાર કરતો ભગવાનના

દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ રીતે વિચાર કરે છે તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર આવે છે કે આ ભગવાન આત્મા છે. આત્મામાં અનંતા ગુણો છે. તેમણે પુરુષાર્થ કરીને પ્રગટ કર્યા છે. ભગવાનનો આત્મા એવો મારો આત્મા છે. એમ ભગવાનને ઓળખીને પણ પોતા તરફ જાય છે. જો ભગવાનને યથાર્થ ઓળખે તો પોતાને ઓળખે છે. યથાર્થ રીતે ઓળખે તો ગુરુ સાધના કરી રહ્યા છે. કાંઈ વાણી અપૂર્વ વર્તાવી. એમનો આત્મા શું કામ કરે છે? એમ વિચાર કરતા પોતાના આત્માના વિચારો આવે છે. શાસ્ત્રના વિચારો, શાસ્ત્રમાં તત્ત્વની વાત આવે છે. એમાં એને આશ્ચર્ય થાય છે. વિચાર કરે તો શાસ્ત્રમાં વાત આવે. પોતાના વિચારો આવે. પ્રત્યક્ષ જે છે તે અંતર પરિણતિ પલટવાનું કારણ થાય છે. એકવાર પ્રત્યક્ષ દેવ અને પ્રત્યક્ષ ગુરુ મળે તો એ પરિણતિ પોતાની સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે. પછી શાસ્ત્ર એકવાર (ગુરુ પાસે) સાંભળ્યા પછી વાંચે, પણ પ્રત્યક્ષ હોય છે એ એને પરિણતિ પલટવાનું કારણ થાય છે. એકત્વ પરિણતિ થાય નહીં. અને ભાવ એકદમ જોરદાર આવે, બીજાને એમ લાગે કે આ કેવી જાતની ભાવના આવે છે? પરિણતિ એકત્વ થાય નહીં અને જુદી રહીને જે ભાવના આવે એ જ આશ્ચર્ય ઉપજાવે છે. જ્ઞાયકની પરિણતિ જુદી રહે અને ભાવના પણ એવી જ આવે. એક પરિણતિમાં છે, એક ઉપયોગમાં છે, પણ એ ભેદજ્ઞાનની ધારા એમને એમ ચાલુ હોય તો પણ એવા ભાવ આવે છે. એમાં એને વિરોધ નથી આવતો. ૧૨.

**✻ પ્રશ્ન : જ્ઞાનીની પરિણતિ અજ્ઞાનીઓને કળવી ઘણી મુશ્કેલ પડે છે.**

● ઉત્તર : શાસ્ત્રમાં આવે છે ને! ગુરુદેવ ઘણીવાર કહેતા કે જ્ઞાયકની ધારા પ્રગટ થયા પછી જે ભાવના આવે છે એની સ્થિતિ ઝાઝી નથી પડતી, પણ રસ ઝાઝો (વધારે) પડે છે. એને જે ભાવના આવે છે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર કે આ મારી જે સાધના છે, આ જ્ઞાયકની ધારા—એને આ ચૈતન્યદેવ જેણે પ્રગટ કર્યો છે અને એની જેણે સાધના

કરી છે અને આ ઉપકારી ગુરુ છે એમણે જે માર્ગ બતાવ્યો છે—એના ઉપર જે ભાવ આવે છે એ ભાવ એને સાધક—એની જ્ઞાયકની જે પ્રીતિ પોતાને છે એમાં જે નિમિત્ત બન્યા—એમણે જે ઉપકાર કર્યો છે, એમણે જે પ્રગટ કર્યું છે, એનાં ઉપર જે ભાવ આવે—એવું અંતરમાં જેવી જ્ઞાયકની મહિમા છે. એ બહાર આવે તો એ દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર પણ એને એવી મહિમા આવે છે. ૧૩.

**✻ પ્રશ્ન : જ્ઞાન અને વૈરાગ્યની મૈત્રી–જે જ્ઞાન અને વૈરાગ્ય સાથે હોય છે તો વૈરાગ્યમાં અને ક્રિયાનયમાં એક જ સરખો ભાવ છે કે કંઈક થોડો તફાવત હશે?**

● ઉત્તર : ક્રિયામાં માત્ર એ ક્રિયામાં જ રોકાય છે અને વૈરાગી છે તે એકલો વૈરાગ્યમાં રોકાય છે. ક્રિયા અને વૈરાગ્ય લગભગ— ઓલો (ક્રિયાનયવાળો) માત્ર બાહ્યક્રિયામાં રોકાય છે. ઓલો (વૈરાગી) માત્ર વૈરાગ્ય, વૈરાગ્ય કર્યા કરે છે એટલો ફેર છે. ૧૪.

**✻ પ્રશ્ન : જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી જ્યાં છે તે સાધકની ભૂમિકા છે તો ક્રિયાનય જ્યાં લઈએ અને વૈરાગ્યની વાત છે તે બેઉ એક સરખી જ વાત છે કે કાંઈક થોડો તફાવત હશે?**

● ઉત્તર : જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રીમાં—એ ક્રિયાનયમાં વૈરાગ્ય ભેગો આવી જાય છે. એમાં વૈરાગ્ય ભેગો હોય તો જ એવી ક્રિયાની પરિણતિ થાય છે કે 'હું જ્ઞાયક છું' અને એમાંથી નિવર્તવાની ક્રિયા જે થાય છે, સ્વરૂપની લીનતાની ક્રિયા જે થાય છે તે વૈરાગ્ય વગરની થતી નથી. માટે એમાં—ક્રિયાનયમાં ભેગો વૈરાગ્ય સમાઈ જાય છે. એમાં વિરક્તિ સમાઈ જાય છે. ૧૫.

**✻ પ્રશ્ન : સંવેગ–નિર્વેદ જેવું છે? ક્રિયાનયમાં અસ્તિભાવે વીતરાગતા પ્રગટ કરવી અને વૈરાગ્યમાં રાગથી પાછા ફરવું એવો ભાવ હશે?**

● ઉત્તર : વૈરાગ્ય એટલે વિરક્તિ. નાસ્તિ કરી અને ઓલો (ક્રિયાનય) સ્વરૂપમાં પરિણતિની અસ્તિ કરે છે. પણ વાસ્તવિક અસ્તિ

તો ચૈતન્યને ગ્રહણ કર્યો એ અસ્તિ છે. દ્રવ્યને ગ્રહણ કર્યું એ પણ આ પરિણતિ પ્રગટ કરી એ પરિણતિની અપેક્ષાએ એ અસ્તિ છે. અને વિરક્તિ થઈ એ નાસ્તિ છે. એ ક્રિયાવાળો જે બહાર ક્રિયાવાળો છે એ પણ વૈરાગ્યની ક્રિયામાં એવી રીતે કરે છે એમાં ગર્ભિત વૈરાગ્ય છે. પણ એ વૈરાગ્ય સમજ્યા વગરનો છે. આત્માને સમજતો નથી કે અસ્તિત્વ ગ્રહણ કર્યું નથી. (રુંધાયેલો કષાય)? હા. ૧૬.

✻ પ્રશ્ન : સાધકને દૃષ્ટિ સાથે હોય પણ તેમાં મુખ્ય-ગૌણ થતું હશે કંઈ શરૂઆતમાં?

● ઉત્તર : સાધકની પરિણતિ છે એ શરૂઆતમાં રહે એમ નહીં. એનો માર્ગ જ એ છે કે દ્રવ્ય જે છે એ દ્રવ્યની દૃષ્ટિ મુખ્ય રહે છે એમાં જે પુરુષાર્થ થાય છે એ પર્યાયમાં જે વિભાવ છે એનાથી છૂટ્ટો પડી સ્વરૂપની પરિણતિ પ્રગટ કરવી છે એ દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ એને ગૌણ છે અને પરિણતિ અપેક્ષાએ એને મુખ્ય કહેવાય. કોઈવાર મુખ્ય-ગૌણ એમ કહેવાય. પણ દ્રવ્યદૃષ્ટિ તો એને સદાને માટે મુખ્ય જ રહે છે. જે લીનતાની ભાવના કરે છે. 'મારે લીન થાવું છે' એમ ભાવના આવે, ચારિત્રની ભાવના આવે, એમ બધી પર્યાયની અપેક્ષાએ એને મુખ્ય એમ કરે, પણ અંદર જે દૃષ્ટિ છે તે દૃષ્ટિ અપેક્ષાએ કાંઈ મુખ્ય થતું નથી. ૧૭.

✻ પ્રશ્ન : એક તો દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી, એક રાગ સંબંધી ઔર તીસરી હુઈ આત્મા સંબંધી વિચારધારાકો કૌનસે ખાતેમેં ડાલેંગે? (કિસ તરહસે?) જો જ્ઞાયક હો ઈસ તરહસે વિચારા ફિર ઉનકે ગુણોંકો દેખકે વિચારા તો ઉસ ધારાકો કૌનસે ખાતેમેં ડાલેંગે?

● ઉત્તર : આત્મા સંબંધી વિચારધારા હોતી હૈ વહ ભી શુભભાવ સાથમેં રહેતા હૈ, વો ભી શુભભાવમેં જાતા હૈ, વો ભી શુભભાવમેં જાતા હૈ. 'મૈં આત્મા હૂં' ઐસા જ્ઞાન, દર્શન, અસ્તિ ઐસા ભેદકા વિકલ્પ આતા હૈ. વહ વિચારધારા વો તો રાગ મિશ્રિત હોતા હૈ. વહ શુભભાવમેં જાતા હૈ. 'સુબુદ્ધિકો વિલાસ ભિન્ન જાને'

ઐસા આતા હૈ ને! 'વો સુબુદ્ધિકો વિલાસ જો હોતા હૈ ઐસે ભિન્ન કીયા, ઐસે ભિન્ન કીયા મૈંને 'ઐસા સુબુદ્ધિકો વિલાસ હોતા હૈ વો ભી શુભભાવમેં જાતા હૈ. દેવ-ગુરુ-શાસ્ત્રકા— શાસ્ત્રસંબંધી વિચાર આવે—વો ભી શુભભાવ. આત્મા સંબંધી વિચાર આવે તો ભી શુભભાવ, ઈસમેં ઈતના કિ ઈસકા વલણ આત્માકે તરફ રહતા હૈ, આત્મા તરફ રહતા હૈ, 'મૈં જ્ઞાયક હૂં અનંતગુણ મેરેમેં હૈ' સ્વ તરફ ઈસકા લક્ષ હૈ. લક્ષ ઉસકી તરફ રહેતા હૈ પણ સાથમેં તો શુભભાવ રહતા હૈ. શુભભવમેં જાતા હૈ. ૧૮.

✻ પ્રશ્ન : તો ઇસમેં શુદ્ધિ કહાંસે હુઈ?

● ઉત્તર : ઈસમેં (આત્મામેં) જાનેકા ઉસકા અભિપ્રાય હૈ કે 'મૈં શુદ્ધતા કૈસે પ્રગટ કરું?' ઐસી ભાવના રહતી હૈ, ફિર ભી ઉસકી —શુદ્ધિ નહીં હૈ. ૧૯.

✻ પ્રશ્ન : જૈસે વિચારતે વિચારતે મન રુક ગયા, ઉપયોગ રુક ગયા તો?

● ઉત્તર : મન રુક ગયા, ઉપયોગ સ્વમેં જુડ ગયા તો શુદ્ધ ઉપયોગપણે હો ગયા તો શુદ્ધાત્મામેં શુદ્ધ અંશ પ્રગટ હુઆ. ૨૦.

✻ પ્રશ્ન : જૈસે વિચાર હૈ તો વિચારકે તીન પ્રકાર આતે હૈ વો તો આપને કહા કિ વહાં તક તો શુભભાવ હૈ લેકિન જબ વો વિચાર રહિતદશા હો ગઈ જાનનેકી જો કિ માત્ર આત્માકો જાન હી રહા હૈ તો વો માત્ર વિચાર નહીં રહા. જો માત્ર જાનના રહા, તો જાનના—દેખના ઉસકા સ્વરૂપ હૈ તો ઉસમેં તો ફિર સંવર—નિર્જરા હોગી કિ નહીં?

● ઉત્તર : વો વિચારધારા હૈ ઈસમેં તો (વો તો આસ્રવ-બંધ હૈ) યે શુભભાવકા ઈસમેં આશ્રય રહેતા હૈ, શુભ વિચાર હોતા હૈ તો ઉસે શુભ કહતે હૈ. અશુભ વિચાર હૈ તો અશુભ કહેતે હૈ. વિચાર વગરકી પર્યાય તો વો શુદ્ધ. વો દ્રવ્ય-જિતની પરિણતિ સમ્યક્‌દૃષ્ટિકો શુદ્ધ હોતી હૈ—જ્ઞાતારૂપ-દૃષ્ટારૂપ જો, વો સંવર-નિર્જરાકા ભાવ હૈ

ઔર જો વિકલ્પવાલી પર્યાય હૈ, વહ આસ્રવ હૈ, જિતની પરિણતિ ઉસકી શુદ્ધ હો—સ્વરૂપાચરણ ચારિત્ર—જિતના હુઆ હૈ, વહ નિર્જરાકા કારણ હૈ. ૨૧.

✻ પ્રશ્ન : એક તરીકે તો જો આપને બતાયા કિ યે જ્ઞાનધારા હૈ?

● ઉત્તર : જ્ઞાનધારા નિર્જરાકા કારણ હૈ ઔર (કર્મધારા હૈ) વહ આસ્રવ હૈ. ૨૨.

✻ પ્રશ્ન : તો યે ચારોં દશા એક સાથ રહતી હૈ?

● ઉત્તર : હાં, રહતી હૈ. ઔર નિર્જરા ભી રહતી હૈ. આસ્રવ-બંધ ભી રહતા હૈ. સબ સાથમેં રહતા હૈ. શુદ્ધ ભાવ ભી રહતા હૈ. ૨૩.

✻ પ્રશ્ન : તો ઇસમેં મુખ્ય—ગૌણ ભી રહેતા હૈ કિ નહીં?

● ઉત્તર : હાં, મુખ્ય તો સમ્યક્દષ્ટિકો નિર્જરા હોતી હૈ વો. બંધ તો ગૌણ હોતા હૈ. ઈસસે જો અસ્થિરતા હૈ, ઉતના બંધ હૈ. પણ નિર્જરા મુખ્ય રહતી હૈ. સંવર, નિર્જરા મુખ્ય હૈ. ૨૪.

✻ પ્રશ્ન : દષ્ટિમેં તો મુખ્ય હો. લેકિન અભિપ્રાયમેં?

● ઉત્તર : મુનિકો તો વિશેષ હોતા હૈ. ચારિત્રદશાવાલેકો તો વિશેષ નિર્જરા હોતી હૈ, પણ સમ્યક્દષ્ટિકો તો મુખ્ય વિશેષ નિર્જરા હી હોતી હૈ. ક્યોંકિ અનાદિસે જો દશા હૈ બંધવાલી મિથ્યાદષ્ટિકો જો હોતી હૈ વો તો સમ્યક્દષ્ટિકો ઐસી બંધવાલી દશા હોતી નહીં. ઈસકો તો અબંધદશા, નિર્જરાવાલી દશા, મુક્તિ, મુક્તિકી તરફ ઈસ પરિણતિ હો ગઈ. મુક્તિકે માર્ગમેં આ ગયા, ઈસલિયે સંવર-નિર્જરા મુખ્યરૂપમેં હોતી હૈ. દષ્ટિકી અપેક્ષાએ મુખ્ય પણ (શુભ) મુખ્ય નહીં હોતા. ભલે વો ઉપયોગમેં આતા હૈ પણ ઈસકી સ્થિતિ, રસ જ્યાદા નહીં રહતા. જૈસા પોતે (મિથ્યાત્વમેં) સ્થિતિ, રસ બઢતા થા, ઐસા નહીં હોતા. મિથ્યાત્વ તૂટ ગયા હૈ. ઈસલિયે ઈસકા સ્થિતિ, રસ જ્યાદા નહીં પડતા. અમુક ઈસકી દશાકો, વો પ્રકાર (શુભકા) હો,

પણ ઐસા ઈસકો નહીં હોતા આસ્રવ બંધ કિ ઉસકો સંસાર લંબા હો ગયા. ૨૫.

✻ પ્રશ્ન : જ્ઞાનધારા તો નિર્વિકલ્પપણે જ કામ કરે છે?

● ઉત્તર : જેમ શ્રદ્ધા કામ કરે તેમ જ્ઞાનધારા પણ તરત કામ કરે. એને વિકલ્પ ઉઠાવવો નથી પડતો. જ્ઞાનધારા પણ નિર્વિકલ્પપણે કામ કરે છે. શ્રદ્ધા પણ એમ જ કામ કરે છે. નિર્વિકલ્પ એટલે સ્વાનુભૂતિની નિર્વિકલ્પતા નહીં, પણ આ એની પરિણતિ છે એ જાતની કે એને રાગનો વિકલપ કરી કરીને રહેવું પડે છે એવું નથી. જેમ એકત્વબુદ્ધિની પરિણતિ સહજ છે અને કંઈ વિકલ્પ કરીને રાખવી નથી પડતી. એ તો સહજ થઈ પડી છે અનાદિની. એકત્વ ને વિકલ્પ કરીને એને રાખવી નથી પડતી. એ તો વિકલ્પ જોડાયેલા છે એમ ને એમ રહે છે. જ્ઞાનધારા પણ એવી ને એવી સહજ થઈ જાય છે. એને વિકલ્પ કરીને રાખવી નથી પડતી. એ પોતાનો સ્વભાવ છે એટલે એ તો સહજ જ છે. પણ પોતે એ સહજ પરિણમતો નથી એટલે સહજ થતી નથી. કર્તૃત્વબુદ્ધિનો રસ રહે છે. એટલે પોતે સહજ પરિણમતો નથી. એટલે એમાં જ્ઞાનધારા સહજ છે. જેવી એકત્વધારા જેમાંથી ભેદજ્ઞાનની ધારા થઈ તો ઓલી બાજુ ઉદય-ધારા અને જ્ઞાનધારા થઈ બેય ચાલુ છે. સહજ થઈ જાય છે. ૨૬.

✻ પ્રશ્ન : મૂળ એને રસ આ જાતનો કરવો જોઈએ.

● ઉત્તર : એ જાતનો રસ સાધારણ હોવો જોઈએ. હા. ૨૭.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.